Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બુદ્ધિનો બાદશાહ

બીરબલની ચાતુરાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या .....

पञ्जिका संख्या .....

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી મનોરંજનમાલા : પુષ્પ ૫મું

બીરબલની ચતુરાઇ

[સચિત્ર]

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

—: લેખક :—

પ્રકાશમ્ રાવલ

(કાલિદાસની બાલવાતો,
બીરબલની બાલવાતોના કર્તા)



કિંમત આઠ આના

—પ્રકાશક—

એન. એમ. ઠક્કરની કંપની
બૂકસેલર્સ ઍન્ડ પબ્લિશર્સ
૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ . . . . . મુંબઇ-૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવૃત્તિ ૧લી
પ્રતો : ૨૦૦૦

સંવત : ૨૦૦૬
સન : ૧૯૫૦

સર્વ હકક પ્રકાશકોને સ્વાધીન

અનુક્રમ

વાર્તા	પાન
૧ બાદશાહ બીરબલની મુલાકાત	૩
૨ ઉત્તમ દૂધ કોનું ?	૧૧
૩ સૌથી ઉત્તમ પાન કયું ?	૧૪
૪ ઉત્તમ ફૂલ કયું ?	૧૬
૫ મારો બેટો ગધેડો હાથથી ગયો !	૨૦
૬ મસ્કરી કોની ?	૨૪
૭ બીરબલની ચતુરાઇ	૨૭

આ પુસ્તક રાજપુરા–વડોદરા, અશોક પ્રિન્ટરીમાં, રમણલાલ નાનાલાલ શાહે છાપ્યું અને નંદલાલ મોહનલાલ હકકરે એન. એમ. હકકરની કંપની માટે, ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ–૨ થી પ્રકટ કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ऋते ज्ञानान्न मुक्तिः
पुस्तक सं. ८०१
गुरुकुल ग्रन्थालय कांगड़ी.

બાદશાહ અને બીરબલની મુલાકાત

અકબર બાદશાહ રાજગાદી પર બેઠા પછી એક વખત શિકારે ગયા હતા. જંગલમાં આથડી આથડી ઘણો વખત પસાર થયો; પરંતુ શિકાર મળ્યો નહિ. આથી બાદશાહ સલામતને એવી ભૂખ અને તરસ લાગી કે, 'પાણી' ની બૂમો પાડતા, તેઓ પોતાનો ઘોડો એકદમ દોડાવતા દોડાવતા, આગળ ને આગળ જતા હતા.

ત્યાં રસ્તામાં એમણે એક જનોઇ પહેરેલા, બ્રાહ્મણ જેવા લાગતા છોકરાને માથા પર લાકડાનો ભારો લઇને જતાં જોયો. બાદશાહને પાણીની એકદમ તરસ લાગી હતી, એટલે એમણે પેલા છોકરાને કહ્યું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એલા, અહીં પાણી ક્યાંય મળશે ખરું કે?" પેલા છોકરાએ આ ઘોડેસ્વારને જોઇ કહ્યું, "કેમ? તમે જે રસ્તે આવ્યા તે જ રસ્તાની વચમાં મોટી વાવ છે. શું એ સાવ સુકાઇ ગઈ છે?"

છોકરાનો આ સવાલ સાંભળી બાદશાહ વિચારમાં પડયા કે, છતી આંખે મને કે મારા સિપાઇઓને વાવ ન દેખાઇ, એ જો હું કહીશ તો હું પોતે આંધળો ગણાઇશ. આથી બાદશાહે વાત ઉડાવતાં એ છોકરાને કહ્યું, "ચાલ ભાઇ, વાવ બતાવ, જોઉં?" આમ કહી બાદશાહે એ છોકરાને પોતાની સાથે લીધો. વાવ આવતાં છોકરાએ તે દૂરથી બતાવતાં કહ્યું, "જોઇ કે, પેલી વાવ?"

બાદશાહે વાવ ભણી જોઇને કહ્યું, "ક્યાં છે?"

"પ....ણે, જુઓ ને?"

"અરે ભાઇ, એ તો ખાડો લાગે છે."

"ના, ના. એ તો વાવ છે. ચાલો ને?"

બાદશાહ અને પેલો છોકરો વાવની નજીક આવ્યા. બાદશાહે જોયું કે, ખરેખર એ વાવ છે. પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ પથરાથી પાકી બાંધેલી ન હોવાથી, દૂરથી એ જોનારને ખાડો ખોદેલો છે, એમ જ લાગે. એ રીતે બાદશાહ અને સિપાઇઓ પણ જ્યારે અહીંથી પસાર થયા, ત્યારે એ રીતે જ છેતરાયા હતા.

બાદશાહે પાણી પીધા પછી પૂછ્યું, "છોકરા, તારું નામ શું ?"

"પહેલાં મને કહો કે, તમારું નામ શું ?"

"તેં કોઈ દિવસ દિલ્હીના બાદશાહનું નામ સાંભળ્યું છે ?"

"તમે કોઈ દિવસ આ પાસેના ગામના યજ્ઞ, કથા, લગ્ન, વગેરે ક્રિયાકાંડ કરાવનાર પુરોહિતનું નામ સાંભળ્યું છે ?"

"ના."

"તો પછી, મારી પણ ના !"

"જો ત્યારે; મારું નામ આ હીરાની વીંટી પર લખ્યું છે. તે તું તારી પાસે રાખ. જ્યારે મોટો થાય, અને દિલ્હી આવે ત્યારે, મારા દરબારમાં આવજે, અને મને મળજે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારુ. નારાયણ ઉપર ઉપાસ્યું ઉ. (પાન ૫)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ત્યારે, ત્યારે–આપ જ નામદાર બાદશાહ અકબર પોતે ?"

"હા, હા; હું પોતે. તું જરૂર આવજે." આમ કહેતાંક ને બાદશાહે ઘોડા પર બેસી ઘોડો દોડાવ્યો. સિપાઇઓએ પણ તેની પાછળ ઘોડા દોડાવી મૂકયા.

પેલા છોકરાએ બૂમો પાડીને કહ્યું: "નામવર, મારું નામ મહેશ છે. મારું નામ મહેશદાસ છે." પણ એના શબ્દો માત્ર હવામાં પડઘો પાડી, હવા સાથે ભળી ગયા.

મામા ગામમાં ને ગામમાં, કોઇને ત્યાં લગ્ન હોય કે કથા હોય કે યજ્ઞ હોય કે હોમ હોય, એ કરાવતા, અને પોતાનો પેટગુજારો કાઢતા.

મહેશદાસ સોળ વરસનો થયો, એટલે મામાએ કહ્યું: "જા બેટા, હવે આ આખી પૃથ્વી ફરી વળ. તારું બુદ્ધિબળ બતાવી નામના કાઢ, અને તારી માતાને હવે એની જિંદગીના પાછલા ભાગમાં સુખ આપ."

મામાના આ શબ્દો સાંભળી મહેશદાસે માતાની રજા લઇ, બાદશાહે એને આપેલી વીંટી પોતાની માને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપતાં કહ્યું, " મા, જ્યારે જ્યારે હું યાદ આવું ત્યારેત્યારે આ વીંટી પર તારો હું કાળો હાથ ફેરવજે. એટલે તને શાંતિ થશે; અને મને પણ તારો આશીર્વાદ હરઘડી મળ્યા કરશે. " આમ કહીને મહેશદાસ તો ઘેરથી નીકળ્યો.

બીરબલ દિલ્હીમાં આવી, બાદશાહના મહેલમાં દાખલ થવા જતો હતો, ત્યાં એને દરવાને રોકયો. બીરબલે એને ઘણો ય સમજાવ્યો, છતાં પણ દરવાને એને બાદશાહના દરબારમાં ન જવા દીધો. આખરે બીરબલે પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી, પેલા દરવાનને કોઇ સાંભળે નહિ તેમ કહ્યું, " આજે મને બાદશાહ તરફથી દરબારમાં જે ઇનામ મળશે, તેમાંથી અરધો ભાગ હું તને આપીશ. હવે તો ભાઇ, અંદર દરબારમાં જવા દે ! "

આ સાંભળી દરવાને ઇનામની લાલચે બીરબલને દરબારમાં જવા દીધો.

બાદશાહ સિંહાસન પર બેઠા હતા. આખોય દરબાર ચિકાર થઇ ગયો હતો. બાદશાહે એક સવાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂછ્યો: " નીચમાં નીચ કોને કહેવો ? "

આખોય દરબાર વિચારમાં પડ્યો કે, બાદશાહને શું જવાબ આપવો ? બાદશાહે ચારે તરફ જોયું, પણ કોઈનામાં જવાબ આપવાની હિંમત નહોતી. મહેશ તો સાવ છેલ્લો પાથરણાના છેડા પર બેઠો હતો. એણે બાદશાહની નજર પોતાના પર ઠરેલી જોઈ, એટલે એ ઊભો થઈ અદબ વાળીને બોલ્યો, " નામવર, નીચમાં નીચ તે દેશદ્રોહી, જે પોતાના દેશને લુટાતો જુએ છે, છતાં કાંઈ પણ પ્રયત્ન કરતો નથી, અને ઉલટાનો બેપરવા બનતો જાય છે. એના સિવાય બીજો નીચ કોણ ? "

આ જવાબ સાંભળી બાદશાહે હરખના આવેશમાં આવી જઈ એને પ્રશ્ન પૂછ્યો, " મૂર્ખ કોને કહેવો ? "

" નામદાર, જે પોતાનું હિત શામાં છે, તે સમજતો નથી, એને મૂર્ખ કહેવો. "

બાદશાહ મહેશનો આ જવાબ સાંભળી બોલ્યા, " તારું નામ શું ? "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" મહેશદાસ. "

" ક્યાંથી આવે છે ? "

" નામવર, પેલી વાવવાળા ગામેથી. "

" હા, બરાબર યાદ આવ્યું. છોકરા, તારામાં અહીં બેઠેલા બધા દરબારીઓ કરતાં બુદ્ધિનું બળ વધારે છે; માટે આજથી તારું નામ બીરબલ રાખું છું. તારે દરરોજ મારા દરબારમાં આવવું, અને તારા બુદ્ધિબળનો પ્રભાવ આ બધાને બતાવવો. "

ત્યાર બાદ, થોડા વખતમાં જ બીરબલ નામથી ઓળખાતા મહેશનું સ્થાન બાદશાહના દરબારમાંનાં નવ રત્નોમાં ગણાવા લાગ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્તમ દૂધ કોનું ?

●

એક વખત અકબર બાદશાહ દરબાર ભરી બેઠા હતા. બાદશાહને એવો શોખ હતો કે, એ હર-પળે સભામાં બેઠેલાંઓમાં બુધ્ધિશાળી, ચતુર અને હાજરજવાબી કેટલા છે એ જાણવા માટે વારંવાર બુદ્ધિ કસે એવા સવાલો પૂછતા.

એક વખત બાદશાહે પૂછ્યું, "ઉત્તમમાં ઉત્તમ દૂધ કોનું ?"

બાદશાહનો આ સવાલ સાંભળી કોઇએ કહ્યું: ગાયનું, કોઇએ કહ્યું ભેંસનું, અને કોઇએ કહ્યું બકરીનું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ગીરયુદે કહ્યું: ' ઉત્તમમાં ઉત્તમ દૂધ તો જનેતાનું.' (પાન ૧૧)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાદશાહે બીરબલ ભણી જોઇને પૂછ્યું, 'બીરબલ કહે, તારો શું જવાબ છે ?'

બીરબલે કહ્યું, 'નામદાર, ઉત્તમમાં ઉત્તમ દૂધ તો જનેતાનું ! કારણ, બાળક જન્મથી જ માતાનું દૂધ પીને મોટું થાય છે. માટે મારા વિચાર મુજબ તો એ જ ઉત્તમ દૂધ !'

બાદશાહ અને બીજા દરબારીઓ આ બુદ્ધિથી ભરપૂર જવાબ સાંભળી ખુશ થયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌથી ઉત્તમ પાન કયું ?

●

એક વખત બાદશાહે પૂછ્યું, 'ઉત્તમમાં ઉત્તમ પાન કયું ?'

બાદશાહનો આ સવાલ સાંભળી કોઇએ કહ્યું: તુળસીનું, કોઇએ કહ્યું પીપળાનું, અને કોઇએ કહ્યું: વડલાનું.

આખરે બીરબલને પૂછતાં બીરબલે જવાબ આપ્યો, 'નામદાર, સૌથી ઉત્તમમાં ઉત્તમ પાન તો નાગરવેલનું જ, કારણ કે એ આપ નામવર જેવાના મુખ સુધી પહોંચી શકે છે, અને વળી ખાધેલું હજમ પણ કરે છે.'

આ જવાબ સાંભળી બાદશાહથી પણ બોલી જવાયું, 'ખરી વાત છે. ઉત્તમ પાન તો નાગરવેલનું જ. તેની મીઠાશ તો કંઇ ઓર જ છે!'

卐

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



'ખરી વાત છે. ઉત્તમ પાન તો નાગરવેલનું જ.' (પાન ૧૪)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્તમ ફૂલ કયું ?

●

એક વખત બાદશાહ, બીરબલ, અને બીજા અમીર ઉમરાવો તથા દરબારીઓ રાજમહેલના બગીચામાં ફરતા હતા. આજુબાજુનાં ઝાડ અને વેલ પર ફૂલો ખીલ્યાં હતાં. ફૂલ પરનો રસ ચૂસવા માટે ભમરાઓ ગણગણતા હતા. એટલામાં બીરબલે ફૂલોથી લચી પડેલી એક ઝાડની નમેલી ડાળી બતાવતાં કહ્યું: 'નામવર, જુઓ. આ ડાળી ફૂલછાબ લઇને આપને વધાવવા માટે કયારનીએ રાહ જોઇ રહી છે. આપ નામદાર, એનો ખુશીથી સ્વીકાર કરો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સાંભળી બાદશાહે પૂછ્યું, 'ઉત્તમમાં ઉત્તમ ફૂલ કયું ?'

બાદશાહનો આ સવાલ સાંભળી ઘણાખરા તો મનમાં ને મનમા બોલવા લાગ્યા, 'આ વળી પાછી એની એ જ મુસીબત આવી !' કોઇએ કહ્યું: ગુલાબનું; તો કોઇએ કહ્યું મોગરાનું; તો કોઇએ કહ્યું કમળનું. પરંતુ બાદશાહનું મન સંતોષ પામે એવો કોઇએ જવાબ આપ્યો નહિ.

આખરે બાદશાહે આનો આ સવાલ બીરબલને પૂછયો. બીરબલે જવાબ આપ્યો, 'જહાંપનાહ, ઉત્તમમાં ઉત્તમ ફૂલ તો કપાસનું.'

આ જવાબ સાંભળી બધા દરબારીઓ ખડખડાટ હસવા માંડયા. અરે ! કપાસનું ફૂલ કોઇ સૂંઘે ખરું કે ? એમાં વળી રૂપરંગ અને સુગંધ કેવાં ?'

આથી બાદશાહે પૂછ્યું, 'બીરબલ, તું શા કારણથી કપાસના ફૂલને ઉત્તમ કહે છે ?'

બીરબલ બોલ્યો, "નામવર, એ ફૂલમાંથી કપાસનાં ડીંડવાં થાય છે. એમાંથી કપાસ નીકળે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આદશાહને પૂરો સંતોષ થયો, અને બોલ્યો: 'ઉત્તમ કૃતિ તો કયાસનું જ છે.'

(પાન ૬૭)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. એ કપાસમાંથી આપણા શરીરને ઢાંકવા માટે કપડાં બને છે. માટે ગરીબપરવર, કપાસનું ફૂલ સૌ ફૂલોમાં ઉત્તમ છે."

આ જવાબ સાંભળી બાદશાહને પૂરો સંતોષ થયો અને બોલ્યો, "વાહ ! બીરબલ. તારી વાત તદ્દન ખરી છે. ઉત્તમ ફૂલ તો કપાસનું જ ગણાય.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારો બેટો ગધેડો હાથથી ગયો !

●

એક વખત બાદશાહ ખુશ મિજાજથી દરબારમાં બેઠા હતા; ત્યારે બીરબલને કહ્યું. 'બીરબલ, હું રાજમહેલના દાદર ઉપર પગ મૂકું તે દરમિયાન જો તું મને હસાવે તો, હું તને એક ઊંટ ઇનામમાં આપીશ.' આમ કહી બાદશાહે તો મહેલ ભણી ચાલવા માંડયું. આ દરમિયાન બીરબલે જાતજાતના નાના ટુચકાઓ પોતાની વાતમાં ગોઠવી બાદશાહને હસાવવા પ્રયત્ન કર્યો. પરંતુ એમ બાદશાહ હસે તો જોઇએ શું ?

હવે રાજમહેલનો દાદર તો સાવ નજીક આવ્યો છે, એ જોઇ બીરબલ બોલ્યો, 'રે ! ગયો રે ગયો, મારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેઠો ગધેડો હાથથી ગયો !' આ સાંભળી બાદશાહે ગુસ્સે થઇ બીરબલને કહ્યું, 'બીરબલ તું શું બોલ્યો, તેનું તને ભાન છે ?'

'હા નામવર, આપ એમ સમજતા હશો કે, આપને મેં ગધેડા કહ્યા ! પરંતુ નામવર, મારી કહેવાની મતલબ એ હતી કે, આપ મને જે ઊંટ આપવાના હતા, તે મારા નસીબમાંથી ગયું; કારણ મારે મન તો હવે એ ગધેડું જ ને ?'

આ જવાબ સાંભળી બાદશાહ હસી પડયા. એટલે બીરબલ બોલ્યો, 'લાવો ત્યારે નામવર, હવે મારું ઇનામ !'

બાદશાહે કહ્યું: 'ભલે; મેં આપેલા વચન મુજબ હું તારું ઇનામ આપી દઇશ.'

થોડા દિવસ વીતી ગયા. એક વાર બીરબલે બાદશાહ પાસે પેલા વચનની માગણી કરી. પરંતુ બાદશાહે જાણે પોતાને એ વાત યાદ જ ન હોય તેમ દેખાવ કરી પોતાની ગરદન વાંકી ફેરવી. બીરબલ સમજી ગયો કે, બાદશાહનો ઇનામ આપવાનો વિચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



બાદશાહે પૂછ્યું : 'બીરબલ, ઊંટની ગરદન વાંકી કેમ હોય છે ?' (–પાન ૨૩)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ નથી. કોઇ વખત જોઇ લેવાશે, એમ વિચાર કરી, બીરબલ તે વખતે તો કાંઇ પણ બોલ્યો નહિ.

ત્યાર બાદ એક દિવસ બાદશાહ અને બીરબલ એકાંતમાં બેઠા હતા, તેવામાં ત્યાંથી એક ઊંટ નીકળ્યું. ઊંટને જોઇ બાદશાહે બીરબલને પૂછ્યું, 'બીરબલ, ઊંટની ગરદન વાંકી કેમ હોય છે?'

'જહાંપનાહ, તેણે કદાચ કોઇને કંઇ વચન આપ્યું હશે!' બીરબલ બોલ્યો.

આ જવાબ સાંભળી બાદશાહને પેલું બીરબલને આપેલું વચન યાદ આવ્યું, અને તરત તેને તે ઇનામ મળી જાય તેની ગોઠવણ કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

....મશ્કરી કોની ?....
બીરબલની કે બાદશાહની ?

●

એક દિવસ બાદશાહને બીરબલની મશ્કરી કરવાનો વિચાર થયો. એ માટે એણે બીરબલને ખબર ન પડે તેમ, નોકરને ઇસારો કરી, બીરબલનો એક જોડો સંતાડી દીધો.

સાંજના ઘેર જતી વખતે બીરબલને પોતાનો એક જોડો ન મળતાં તે આમતેમ ખોળ કરવા લાગ્યો. આ જોઇ બાદશાહે જાણે પોતાને કશી વાતની ખબર જ નથી એવો દેખાવ કરી બીરબલને પૂછયું, 'બીરબલ, શુ ખોળાખોળ કરે છે ? '

' નામદાર, મારો કોઇ જૂનો ભાગીદાર મારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



વ્યાપને આ લોકમાં તો શું, પણ પરલોકમાં ઉજળો જોડા મળો ! (–પાન ૨૬)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક જોડો લઈ ગયો લાગે છે !' બીરબલે જવાબ આપ્યો.

આ સાંભળી બાદશાહે નોકરને કહ્યું, 'જા, મારા તરફથી રાજા બીરબલને એક જોડો આપ.' એટલે નોકરે સંતાડેલો જોડો હાજર કર્યો. બીરબલ આ જોડો પગમાં પહેરતાં બોલ્યો, 'આલમપનાહ, આજે આપે મને આ જોડો ન આપ્યો હોત તો હું ઘણો હેરાન થાત. પરંતુ આપે મારા ઉપર મહેરબાની કરી, એથી હું આશીર્વાદ આપું છું કે, આપને આ લોક તો શું પણ પરલોકમાં પણ હજારો જોડા મળો !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીરબલની ચતુરાઈ

●

એક વખત એક બાહોશ કારીગર એક મજબૂત બખ્તર તૈયાર કરી, એની સારી એવી કિંમત ઊપજશે એવી આશાથી, બાદશાહના દરબારમાં ગયો. બાદશાહે તે બખ્તર મજબૂત છે કે નહિ, એની પરીક્ષા લેવા માટે, એક ચોકીદારને બોલાવીને કહ્યું: 'આ બખ્તર સામેના લાકડાના પૂતળાને પહેરાવી દે, અને એના પર તારી સમશેરનો ઘા કર.'

આ સાંભળી પેલો બિચારો કારીગર તો વિચારમાં પડયો કે, આ તો હાથમાંથી બખ્તરે ય જશે, અને મહેનત પણ નકામી જશે. પરંતુ હવે શું થાય ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાદશાહના હુકમ મુજબ ચોકીદારે તો પેલું બખ્તર લાકડાના પૂતળાને પહેરાવી દીધું. એના પર સમશેરનો ઘા કર્યો. સમશેરના એક જ ઝટકાની સાથે પેલા મજબૂત બખ્તરના બે-ત્રણ ટુકડા થઇ ગયા.

આ જોઇ શાહે પેલા કારીગરને કહ્યું, 'આ બખ્તર તો સાવ તકલાદી નીકળ્યું. માટે જા હવે, ફરી વખત બીજું મજબૂત બખ્તર બનાવી લાવજે, નહીતર તારું માથું ધડ પરથી ઉડાવી દેવામાં આવશે. આવાં તકલાદી બખ્તરો બનાવી તું સિપાઇઓના જાન જોખમમાં નાખે છે.'

બાદશાહનો આ હુકમ સાંભળી પેલો કારીગર તો બિચારો એટલો બધો ગભરાઇ ગયો કે, ધ્રૂજતો ધ્રૂજતો માંડમાંડ ઘેર પહોંચ્યો.

હવે એણે વિચાર કર્યો: 'મારે શું કરવું ?' આખરે એને યાદ આવ્યું કે, બીરબલની સલાહ લેવાથી મારું માથું સલામત રહેશે. એ સિવાય બીજો કોઇ રસ્તો નથી. આમ વિચાર કરી એ બીરબલને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘેર ગયો. બીરબલને મળી બધી વાત કરી. બીરબલે કહ્યું, 'જુઓ, પાછા જ્યારે બાદશાહ બખ્તરની પરીક્ષા કરવા માટે ચોકીદારને બોલાવે ત્યારે તમે બાદશાહને હું કહું તે મુજબ કહેજો.' બીરબલે પેલા કારીગરને શું બોલવું અને કેવી રીતે શું કરવું, એની જોઈતી સૂચના આપી દીધી. આ સાંભળી પેલો કારીગર બોલ્યો: 'બીરબલજી ! તમે ઉમરમાં મારાથી માંડ અર્ધા છો, છતાં તમારી બુધ્ધિ અજબ છે !'

આ સાંભળી બીરબલ બોલ્યો. 'દાદા, તમારા જેવાની દુવાઓ લઈને જ હું આગળ વધ્યો છું. ઠીક ત્યારે, હવે મેં કહ્યું તેવી રીતે દરબારમાં હાજર થજો.'

'ભલે દીકરા, ભલે.' એમ કહીને દાદાએ પોતાના મનમાં ને મનમાં ખુશી થતાં ઘર ભણી પગ ઉપાડયા.

કારીગરે તો ચાર દિવસમાં જ બીજું બખ્તર તૈયાર કર્યું. બીરબલની સલાહ મુજબ બખ્તરને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



જેવો સરદાર તરવાર લઈ આગળ આવ્યો કે તરત જ પેલો કારીગર પણ સિંહના જેવી ગર્જના કરી પેલા સરદારની સામે ધસ્યો. (–પાન ૩૧)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના શરીર પર પહેરી, એ બાદશાહના દરબારમાં ગયો, અને બાદશાહને હાથ જોડી કહ્યું, "ગરીબ પરવર, આપના હુકમ મુજબ હું આ બીજું બખ્તર તૈયાર કરી લાવ્યો છું. કહો હવે, આપનો બીજો શો હુકમ છે ?"

આ સાંભળી બાદશાહે કહ્યું: 'તારું બખ્તર તું આ લાકડાના પૂતળાને પહેરાવી દે.'

બાદશાહનો આ હુકમ સાંભળી કારીગર બોલ્યો: 'જહાંપનાહ, બખ્તરની પરીક્ષા લાકડાના પૂતળા પર થતી નથી. હું આ બખ્તર પહેરીને ઊભો છું. માટે ગમે તે સરદારને હુકમ આપો કે, મારા પર તલવાર ચલાવે.'

કારીગરનું આ પ્રમાણે બોલવું સાંભળી, બાદશાહે એક સરદારને તેના પર તલવાર ચલાવવાનો હુકમ કર્યો. હવે જેવો સરદાર તલવાર લઇ આગળ આવ્યો કે તરત જ પેલો કારીગર પણ સિંહના જેવી ગર્જના કરી પેલા સરદારની સામે ધસ્યો, એટલે પેલો સરદાર તો પાછો હઠી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ જોઇ કારીગર બોલ્યો, ' નામદાર, બખ્તરની પરીક્ષા આવી રીતે થાય છે. મારું બનાવેલું બખ્તર પહેરનાર લાકડાનું પૂતળું ન હોય, પરંતુ કોઈ વીર પુરુષ જ હોય છે. ''

આવો જવાબ સાંભળી બાદશાહ પેલા કારીગર પર ઘણા જ ખુશ થયા. એને એના બખ્તરની સારી એવી કિંમત આપી, અને માન આપ્યું. આ જોઇ કારીગર બોલ્યો, ' નામદાર, આજે મને આપ આટલું બધું માન આપો છો, એનું કારણ કોણ છે તે આપ જાણો છો ? '

' તમારી શક્તિ; તમારી બુધ્ધિ. '

' નહિ નામવર, એની પાછળ તો રાજા બીરબલની ચતુરાઇ છે. માટે આપ નામવરે એમને પણ માન આપવું જોઇએ. '

આ સાંભળી, બાદશાહે બીરબલ પાસેથી બધીય વાત સાંભળી, અને એનાથી બોલી જવાયું: ' વાહ ! બીરબલ, વાહ તારી ચતુરાઈ !'

સમાપ્ત

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવું ચિત્રમય બાલ-કુમાર સાહિત્ય

મૂરખલાલનાં પરાક્રમો સેટનાં	૨-૧૨
ચરીત્ર રત્નો સેટ ૧ લો	૨-૧૨
ચરીત્ર રત્નો સેટ ૨ જો	૨-૧૨
બુદ્ધિનો બાદશાહ સેટના	૨-૧૨
ટાગોરની બાલવાતો	૨-૦
ચતુર સુજાણ	૧-૮
બીરબલની ચિત્રમય બાલવાતો	૩-૦
ફતુભા ફાંકડાના પરાક્રમો	૧-૪
કવિ કાલીદાસની બાલવાતો	૨-૮
અમારાં ગીત	૦-૬
રાસ કોકિલા	૦-૭
પાયલ બાજે	૦-૭
આમાનું ઘર કેટલે !	૨-૦
જાદુઇ ચક્કી	૩-૦
કુમાર કથાઓ	૩-૦
ચાણક્ય	૨-૦
બરફનું રણ	૨-૦
વિક્રમની વાતો	૪-૮
બુદ્ધિ વિલાસ	૫-૦
જય ગુજરાત	૧-૪
દાદાજીનું ડહાપણ	૩-૮
અક્કલ અજમાવો	૩-૦
ખેલાડી	૩-૦
બાટલીનો બૂચ	૩-૦
કીલુ યાને વીંટીની શોધમાં	૨-૦
બાની વાતો	૨-૦
આદમમીયાં	૧-૪
સમર્થ રામદાસ	૦-૬

: મળવાનું સ્થળ :

એન. એમ. ઠક્કરની કંપની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

મુખ્યાલય : પાલીતાણા • ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ ૨